શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૯૮ • તા. ૨૪ જાન્યુઆરી થી ૩૦ જાન્યુઆરી ૨૦૨૬

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.




# ભદ્રેશ્વર તીર્થે અઠમ તપ ઉજવાયો

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member

SHUBH
DIAMONDS



HAPPY Republic Day


RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# ગામડાંઓ પરિવર્તનની પગથારે

આજે પરિવર્તનનો દોર છે. ગામડા તૂટીને શહેર બની રહ્યાં છે અને શહેર મહાનગરમાં પરિવર્તિત થઈ રહ્યાં છે. ખરૂં કહીએતો હવે ગામડાં અગાઉના જમાના જેવા ગામડાં રહ્યાં નથી પણ આધુનિક મોર્ડન ટેકનોલોજીનાં ઉપયોગ કરતા ગામડાંઓ થઈ રહ્યાં છે. ઘરોઘરમાં વીજળી, પાણીના નળ આવી ગયા છે. બસ વ્યવહાર આજુબાજુના શહેરો, તાલુકા, જિલ્લા મથકોને જોડે છે. ડામરની સડકો નિર્માણ થઈ છે. દરેક ઘરોમાં પહેલા બળદગાડા હતા, સાઈકલો રહેતી હવે ટૂ વ્હીલરને ફોર વ્હીલર ઘર આંગણે ઊભી રહે છે. અગાઉ ગામમાં પાંચ ધોરણ સુધીની પ્રાથમિક શાળાઓ હતી હવે દસમા ધોરણ સુધી કે બારમા ધોરણ સુધીની શાળાઓ ભણતર પ્રદાન કરે છે. આમ જમાના અનુસાર ગામડાઓની સિકલ બદલાઈ ગઈ છે.

આપણા વડીલો સંયુક્ત પરિવારમાં ઉછરેલા હતા. કુટુંબના માવતરોને વડીલોને દરેક સભ્યો આદરપૂર્વક સંભાળ લેતા, જતન કરતા અને તેમની સેવા ચાકરી કરતાં ગામમાં જ રસકસની દુકાન હોય, શાકભાજીની નાની હાટડી હોય કે અન્ય ચીજ વસ્તુ કે ફરસાણ-મીઠાઈની નાની દુકાન હોય તો ખેતીવાડીની જમીનમાં ઉપજ લઈ શાંતિ સુખથી ગુજારો કરતા. સંજોગોવશાત વધુ કમાણી માટે ગામ છોડવું પડે તો પોતે એકલા જતાં પાછળ પરિવાર ગામડે રખાતા વાર, તહેવારે સારા નરસા ટાણે ગામનો ફેરો કરી જતાં દેશાવરમાં વસીને દેશને ભૂલ્યા ન હતા. મૂળિયા મૂળગામમાં જાળવીને વિકાસ કર્યો, પ્રગતિ કરી, ધમધોકાર કમાણી કરી પણ હવેની જનરેશન ભલે શહેર-મહાનગરમાં જન્મી, ઉછરી, કેળવણીને તાલીમ પામી શિક્ષિત થઈ છે. પણ પોતાના મૂળ ગામે સહેલાઈથી જતી નથી. જો જાય તો મજબૂરી વશ. આ એટિટ્યૂટ ઘણી જ્ઞાતિઓમાં હવે વધી રહ્યો છે. ગામડાનું શાંત જીવન, પાંખી વસ્તી, અપરિચિત માહોલ, વાહન વ્યવહારના ઓછા અપૂરતા સાધનો, હરવા ફરવાના કે મનોરંજન માટેના કોઈ સ્થળો ન હોવાના અભાવને લીધે આજના સુશિક્ષિત બાળકો વતને જવાનું કરતા નથી.

આપણી જ્ઞાતિની અઢળક વસ્તી હતી એ ગામોમાં નામ માત્રના ઘર પરિવાર રહે છે. ભવ્ય વિશાળ ઐતિહાસિક વીરાસત ધરાવતા જિનાલય હોય છે પણ રોજે રોજ ધર્મ, સેવાને ભક્તિ કરવા માટે અવરજવર થાય એની રાહ જોવાતી હોય છે. એટલું સારૂ છે કે સમયે સમયે ગામમાં ઉત્સવ, ઓચ્છવ અને તહેવારોની ઉજવણી ટાણે, દેશ-દેશાવરથી પરિવાર સાથે સૌ આવીને જોડાતા રહેતા હોવાથી તાત્પૂરતી વસતી લાગતી હોય છે. ત્યાર પછી ફરી સૂમસામ માહોલ થઈ જાય છે.

જ્ઞાતિ સમાજના બહુધા પરિવારો અનુકુળતા કરી ચાતુર્માસ, પર્યુષણને પહેડી, ધજા મહોત્સવમાં સહભાગી થવા વતનમાં જાય છે. કોઈક વરસમાં બે ચારવાર જાય છે. પરિવાર મોભીઓ સ્ત્રીવર્ગ પણ સાથે જઈ લાભ લે છે. પણ કુટુંબની યુવા પેઢી પણ જો અમૂક તેમની સાથે જાય તો વતનની સુગંધ પામી ધન્યતા અનુભવે. સ્થાનિકજનો સાથે ઘરોબો બંધાય. ગ્રામ્ય સંસ્કૃતિનો પરિચય થાય. યુવાનોના નવા નવા વિચારથી ગામમાં પણ કંઈ પરિવર્તન થાય. સમય સંજોગો અનુકુળ કરી યુવાનો વરસમાં એક કે બે વાર આવી રીતે ગામડાંઓમાં જાય તો ગામવાસીઓ સાથે નાતો કેળવાય. ગામો તૂટતા આપણે ભલે રોકી ન શકીએ પણ, ગામમાં કંઈ નવું પરિવર્તન કરવા આપણા વિચાર જરૂર કામ આવે.

- જય જ્ઞાતિમૈયા

# વૃક્ષ શરણમ્ ગચ્છામિ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

પરમાત્માએ સર્જેલી આ સૃષ્ટિનો ક્રમ નિર્ધારિત થયેલ છે. જેમાં દખલ કરવી ગેરવ્યાજબી કૃત્ય છે. આધુનિકતાને નામે દરિયો પૂરીને જગા ખાલી કરી ઉપયોગમાં લેવી વન, પર્વત, હરિયાળીનો નાશ કરી રસ્તા બનાવવા, ઊંચા ઊંચા બિલ્ડિંગો બનાવવા વસ્તીથી ફાટફાટ થતી રહેણાંક કોલોનીઓ બનાવવી આ સર્વે પ્રોજેક્ટ પ્રકૃતિ સંતુલન બગાડવા જેવા છે. વિકાસને નામે અંધાધૂધ રીતે પ્રકૃતિ, પર્યાવરણને નુકસાન કરવું એ ભાવી પેઢીને માટે નુકસાની કરે એવી ખાઈ ખોદવા જેવી છે.

પશુ, પક્ષી, જૈવિક સંપદા અને પ્રકૃતિ તથા પર્યાવરણને જાળવવું અત્યંત અનિવાર્ય છે. તેનો બચાવ થાય, તેને સંરક્ષણ અપાય એવા પગલા લેવા જરૂરી છે. રાજા શાહીના વખતમાં દીર્ઘ દ્રષ્ટિ ધરાવતા શાસકો જો કોઈ પરમિશન વગર વૃક્ષ કાપે તેને દંડિત કરતા હતા. તો વૃક્ષવાળી તેનો ઉછેર કર્તાને રોકડ ઈનામ આપી નવાજતા. વૃક્ષ કરમાય એ કુદરતનો ક્રમ છે. પણ એનો કાપવું એ ક્રાઈમ છે. પર્યાવરણનું જતન કરવું એ ભણતરનો વિષય નથી પણ જીવતરનો વિષય છે. પશુઓનો શિકાર કરવો કે વૃક્ષને કાપવું એ ચૈતન્યનો અપરાધ તો છે જ પણ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી એક ઓક્સિજન પ્લાન્ટનો વિનાશ છે.

વિકાસ થાય એ જરૂરી બાબત છે. પણ વિકાસ થાય ત્યારે શેનો થાય છે. અને શાના ભોગે થાય છે એ જાગૃત નાગરિક તરીકે વિચારવું જરૂરી છે. આ પ્રશ્ન મનોચિંતન જરૂરી છે. વૃક્ષ ઓલ ટાઈમ પ્યુરિફાયર પ્લાન્ટ છે. સંતો-મહાત્માઓ એ જંગલમાં કોઈ ઝાડ નીચે તપસ્યાઓ કરી છે. સાધના કરી છે તો જૈનોના તમામ તીર્થંકરો એ કોઈ વિશેષ વૃક્ષ નીચે જ દીક્ષા લીધી છે. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ચેતનતત્વ આ છ પ્રકૃતિગત ભેટ વિશેષતાઓ એક સાથે સંકલન સાધે એવું એકમાત્ર તત્વ છે.


વૃક્ષને કલ્પવૃક્ષની ઉપમા અપાઈ છે. વૃક્ષના જીવન અને વિકાસની તથા તેના સમર્પણની સાઈકલ સમજવા જેવી છે. એ પૃથ્વી પર ઊગે છે, જળથી વિકસિત થાય છે. અગ્નિ માટે ઈંધણ આપે છે. સમગ્ર જીવનકાળ દરમ્યાન વૃક્ષ પ્રાણવાયુ રિલીઝ કરે છે. વૃક્ષ સ્વયં વનસ્પતિ રૂપ છે. આમ્રવૃક્ષ, કલ્પવૃક્ષ, વટવૃક્ષ, અશોકવૃક્ષ, બોધિવૃક્ષ વિગેરેની મહતા વિભિન્ન ધર્મ પરંપરામાં પ્રસિદ્ધ છે. આપણે જો વનસ્પતિની વેદના, વૃક્ષની કારમી પીડા સમજી ન શકીએ, અનુભવી ન શકીએ તો એ આપણ હૃદયની નિષ્ઠુરતા કહી શકાય. વૃક્ષ વનરાજી વગરના વિશ્વની કલ્પના આપણે કલ્પી પણ ન શકીએ. કારણ કે એનાથી બુધ્ધિનો અંધાપો વિસ્તરે છે. માટે જ કોઈ વિદ્વાને સાચું કહ્યું છે કે વૃક્ષ શરણમ્ ગચ્છામિ. વૃક્ષ અને વનને શરણે જઈએ. તેમાં ઉત્તરોત્તર વધારો કરીએ એના વિના ભવિષ્ય નથી, જીવન તો નથી જ નથી.

છેલ્લે આપણા પોતાના ભા માડુ પ્રકૃતિ પ્રેમી કવિ 'તેજ'ના શબ્દોને યાદ કરીએ.

અંઈ ઝાડ પાંજા જિંઘ જાની, ડાતારી મેં ઈ જ વડા દની.
ફડ ડીંયતા ઈ ફૂલ ડીંયતા ડીંયે છાંઈ નાંય અછાની,
બેંઓ મિડે પણ ઘણેં ડીંયેતા, કાઠ,વરા, કખને કાની
અંઈ ઝાડ પાંજા જિંઘ જાની
ન્યારે કરે ને નેણ ઠરે, એડી નિલપ, ડીંયેતા નામી.
ઝેર પીંએ ને અમરત ડીંયેતા, ગંભીર ગુણીયલ જાની
અંઈ ઝાડ પાંજા જિંઘ જાની
ધરતી જાયા જોગીડા, ઈ તપેસરી ને ગયાની
ઝાડકે જુકો સમજે નતા, ઈજ વડા અજ્ઞાની
અંઈ ઝાડ પાંજા જિંઘ જાની
ઝાડ પોખે મેં પુનારથ, પોખેઓ રખો મ ખામી
જિની હથડે ઝાડ પોખાણા, તેજ હથડા ઈ જસનામી.
અંઈ ઝાડ પાંજા જિંઘ જાની

# ભદ્રેશ્વર તીર્થે અઠમ તપ ઉજવાયો







બુધવાર, તા. ૦૭ જાન્યુઆરી આજે શ્રી ભદ્રેશ્વર તીર્થમાં શ્રી તપો ઉત્સવ (અઠમ તપ) કરવા આરાધક ભાઈ-બહેનો મુંબઈથી ૧૩૦ જણા ની સંખ્યામાં પધારેલ. ગાંધીધામથી આઠ તૂફાનમાં શ્રી સંઘ રૂપે પધારેલ. આ ઉપરાંત ભુજથી એક તૂફાન આદિપુરથી એક તૂફાન સુથરીથી ચાર જણા અને કોટડા રોહાથી, માંડવીથી, મોખાથી, મુન્દ્રાથી, બૌતેર જિનાલયથી, રામણીયા ગામેથી આ સર્વે નગરે થી ૨૦૦ જેટલી સંખ્યા માં આરાધકો ભાઈ બહેન પધારેલ.

સર્વે આરાધકો ભાઈ બહનોનું સ્વાગત કરવામાં આવેલ. શ્રી કદઓ જૈન જ્ઞાતિ સમાજ, શ્રી વિશા ઓસ્વાલ સમાજ, શ્રી ગુર્જર સમાજ તેમજ શ્રી ગુજરાતી સમાજ, શ્રી મારવાડી સમાજના ભાવિકો આરાધકો ભાઈ બહેન પધારેલ.

બપોરના ૦૩:૦૦ કલાકે શ્રી અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાલી માતાજીની ભાવના ભણાવવામાં આવેલ. શ્રી દાતા પરિવાર તરફથી શ્રી ભદ્રેશ્વર તીર્થમાં શ્રી અઠમ તપના શ્રી દાતા પરિવાર **માતૃશ્રી હેમલતાબેન નલિનકાંત પીર સુથરી-મુલુંડ** અને **માતૃશ્રી વિમળાબેન ઠાકરશી પટેલ સાંધવ-મુલુંડ** પરિવારે લાભ લીધેલ.

# ભદ્રેશ્વર તીર્થે અઠ્ઠમ તપ ઉજવાયો








શ્રી કચ્છ પ્રદેશનું એક પ્રાચીન તીર્થ શ્રી ભદ્રેશ્વર મહાતીર્થ શ્રી ભદ્રેશ્વર મહાતીર્થે બિરાજમાન શ્રી શામળિયા પાર્શ્વનાથ દાદા અને તીર્થં પતિ શ્રી મહાવીર સ્વામી ભગવાનના સાનિધ્યમાં પ.પૂ.પ્રવર્તક શ્રીમલયસાગરજી મ.સા., પ.પૂ.મુનિરાજ શ્રીરત્નાકરસાગરજી મ.સા., તપસ્વી રત્ન પ.પૂ.મુનિરાજ શ્રીહિતવર્ધનસાગરજી મ.સા.ની શુભ નિશ્રામાં અને પ.પૂ.સાધ્વીજી શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદીઠાણા-૨ તથા પ.પૂ.સાધ્વીજી શ્રીપુર્ણગુણાશ્રીજી મ.સા. આદીઠાણા-૩ ની શુભ નિશ્રામાં અને વિશાળ સંખ્યામાં આરાધકો ભાઈ બેહનો સાથે તપો ઉત્સવ શ્રી અઠ્ઠમ તપ ઉજવાયો.

**તા.૦૮ જાન્યુઆરી**ના ત્રણ દિવસ મહોત્સવમાં રાઈપ્રતિક્રમણ બાદ પ્રભુજીના પક્ષાલ પૂજા ચઢાવા લેનાર ભાગ્યશાળી પરિવાર. સ્નાત્ર પૂજા, સામુહિક ચૈત્યવંદન, ગુરૂવંદન, પ્રભુજીની ભવ્યાતી ભવ્ય આંગી (અંગરચના) સાંજના સંધ્યાભક્તિ. રાત્રે પ્રભુજીની ભક્તિ ભાવના. પ્રથમ દિવસના શ્રી વર્ધમાન શકસ્તરવ અભિષેક. બપોરના ૩.00 કલાકે વ્યાખ્યાન. બીજા દિવસે **તા.૯ જાન્યુઆરી**ના શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન ભણવામાં આવેલ. બપોરના ૩.00 કલાકે વ્યાખ્યાન. ત્રીજા દિવસે **તા. ૧૦ જાન્યુઆરી**ના ૫૨ (બાવન) ભદ્રેશ્વર તીર્થમાં મહાવીર સ્વામી મહા પૂજન પ્રભુ વીરની સ્પર્શભૂમિ તથા કપિલ કેવલી પ્રતિષ્ઠિત શ્રી સામળિયા પાર્શ્વનાથ ભગવાન, ભદ્રેશ્વર જીનાલય ખાતે શ્રી મહાવીર સ્વામી ભગવાનના પાવન સાનિધ્યમાં શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઈ દ્વારા શ્રી અઠમ તપોસ્તવના પાવન અવસરે આયોજિત કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિમાં પ્રથમ વખત ભદ્રેશ્વર તીર્થ ખાતે આયોજિત અઠમ તપ આરાધના ચતુર્વિધ સંઘની સાથે બહુ જ ભવ્ય, ગૌરવસભર અને ઐતિહાસિક ઉત્સવરૂપે ઉજવાઈ.

# ભદ્રેશ્વર તીર્થે અઠમ તપ ઉજવાયો









શનિવાર તા. ૧૦ જાન્યુઆરીના રોજ વ્યાખ્યાન બાદ તપસ્વીઓના અનુમોદનાર્થે અનુમોદના કરવામાં આવેલ.

અઠમ તપના દરેક તપસ્વીઓને દાતાશ્રી પરિવાર તરફથી રૂપિયા ૫૦૦/- ઉપરાંત સર્વે તપસ્વીઓને પધારેલ આમંત્રિત મેહમાનો, આરાધક ભાઈ બેહનો પરિવાર તરફ થી રૂપિયા ૫૦૦/- આમ ટોટલ રૂપિયા ૧૦૦૦ નું કવર આપી અનુમોદના કરવામાં આવેલ અને અ.સૌ. પ્રીતિબેન પ્રકાશ માણેકજી લોડાયા સાંધવ-થાણા પરિવાર તરફથી સર્વે તપસ્વીઓ, કાર્યકર્તા ભાઈબેહનો, મેહમાનોને એક બેગપેક આપવામાં આવેલ.

આ તપો ઉત્સવના બન્ને દાતાશ્રી પરિવારની શ્રી શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા બહુમાન કરવામાં આવેલ. તથા શ્રી ભદ્રેશ્વર મહાતીર્થના હાલના ચેરમેન શ્રી જવેરચંદ આણંદજી ખોના સાંધવ ગાંધીધામ અને ટ્રસ્ટીશ્રી શ્રી મહેશ ખીમજી લાલકા વારાપદ્ધર આદિપુરનું બહુમાન કરવામાં આવેલ તથા શ્રી ભદ્રેશ્વર તીર્થના મુનીમ શ્રી ચેતન ખોનાનું બહુમાન શ્રી શાંતિજીન ગ્રુપ તરફથી કરવામાં આવેલ. શ્રી ભદ્રેશ્વર મહાતીર્થ ટ્રસ્ટ તરફથી આ તપો ઉત્સવના બન્ને દાતા પરિવારનું અનુમોદના કરવામાં આવેલ. શ્રી શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈના સર્વે કાર્યકર્તા ભાઈ બેહનોનું શબ્દો વડે અનુમોદના કરવામાં આવેલ. શ્રી કચ્છી દશા ઓસ્વાલ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા પ્રથમ વખત શ્રી ભદ્રેશ્વર મહાતીર્થમાં શ્રી અઠમ તપ તપો ઉત્સવની આરાધના થયેલ.

તા.૧૧/૦૧/૨૦૨૬ ને રવિવારના રોજ સવારના ૦૮:૦૦ કલાકે સર્વે તપસ્વીઓનો વાજતે ગાજતે અદ્ભૂત વરઘોડો નીકળેલ. સર્વે તપસ્વીઓના ધુમધામથી પારણાં કરાવવામાં આવેલ. સર્વે તપસ્વીઓને પારણાં સમયે રૂપિયા ૨૦/- ની પ્રભાવના શ્રી ચેતનભાઈ જૈન-ચેન્નાઇ વાળા તરફથી કરવામાં આવેલ. શ્રી તપો ઉત્સવ શ્રી અઠમ તપના દાતા પરિવાર માતૃશ્રી હેમલતાબેન નલિનકાન્ત પીર સુથરી-મુલુંડ અને માતૃશ્રી વિમળાબેન ઠાકરશી પટેલ સાંધવ મુલુંડ બન્ને પરિવારની ખુબ ખુબ અનુમોદના.

# ભદ્રેશ્વર તીર્થે અઠ્ઠમ તપ ઉજવાયો





ચતુર્થ દિવસે તા.૧૧ જાન્યુઆરી સવારના ગુરૂવંદના, પચ્ચખાણ, તપસ્વીઓના પારણાં કરવામાં આવેલ. સવારના ૦૮.૦૦ કલાકે સર્વે તપસ્વીઓનો વાજતે ગાજતે વરઘોડો નીકળેલ. તપસ્વીઓને પારણા કરવામાં આવેલ.

વિધિકાર: શ્રી કેવલભાઈ સાવલા મુંબઈથી આવેલ. સંગીતકાર: શ્રી કોશિક બારોટ પાલીતાણાથી આવેલ.

શ્રી તપો ઉત્સવ શ્રી અઠ્ઠમ તપ ના દાતા પરિવાર **માતૃશ્રી હેમલતાબેન નલિનકાન્ત પીર સુથરી મુલુંડ** અને માતૃશ્રી વિમળાબેન ઠાકરશી પટેલ સાંધવ મુલુંડ ચાર દિવસના આ તપો ઉત્સવમાં આમંત્રણને માન આપી આમંત્રિત મહેમાનો સારી સંખ્યામાં પધારેલ.

આ પાવન પ્રસંગે પધારેલા સાધુ-સાધ્વી ભગવંતો, તપસ્વીઓ, એસ.એસ.જે.જે.ના કાર્યકર્તાઓ, આમંત્રિત મહેમાનો.

આ ઐતિહાસિક કાર્યક્રમને પોતાની અમૂલ્ય હાજરીથી સફળ બનાવનાર સર્વેનો હૃદયપૂર્વક આભાર.

મુંબઈથી પ્રવીણ લોડાયા, જયેશ જૈન, તેજકુમાર ધરમશી, વીરેન્દ્ર લોડાયા, નીરવ લોડાયા, સંદીપ લોડાયા, ભાવેશ મોતા, જીતેન્દ્ર ખોના, અઠ્ઠમ તપના આરાધકો ભાઈ બહેનો, મુંબઈના વિવિધ પરાંથી, બાગલકોટ, ધાવણગીરી, શેવગાવ, સુરત, વડોદરા, અંકલેશ્વર, અહમદાવાદ, જામનગર, રાજસ્થાન, મારવાડ, કચ્છમાં વિવિધ ગામ ગાંધીધામ, ભુજ, આદિપુર, મુન્દ્રા, બિદડા, મોખા, ગઢડા, વડાલા, ગુંદાલા, બૌતેર જિનાલય, કોટડા, માંડવી, નાંગલપુર, પુનડી, સુથરી, સાંયરા, છસરા, વાંકી, વગેરેથી આરાધક ભાઈ બહેનો, આમંત્રિત મહેમાનો, કાર્યકર્તા પધારેલ.

ગાંધીધામથી લેહરચંદ ખોના, મહેશ લાલકા, ઝવેરચંદ ખોના, કાંતિલાલ લાલકા, અભય લોડાયા, પ્રદીપ ખોના, વિપુલ લાલકા, ભાવેશ કુરવા, ભુજથી પ્રબોધ મુનવર, વગેરે આમંત્રણને માન આપી પધારેલ.

તપો ઉત્સવ અઠ્ઠમ તપને સફળ બનાવવા શ્રી શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપના કાર્યકર્તા ભાઈ બહેનો જેમકે ચેતન ખોના, પ્રવીણ મોતા, કિરણ દંડ, ભરત લોડાયા, નીતિન ધરમશી, મનીષ પીર, ચાંપશી ધૂલ્લા, ખીમજી લોડાયા, શરદ દંડ, મહેશ મોતા, ટોકરશી નાગડા, દીપેશ મુનવર, પંકજ ડાઘા, કોશિક ખોના, રાજેશ મૈશેરી, કિરીટ લોડાયા, મયુર વિક્મશી, ખુશાલ ડાઘા, હિતેશ પટેલ, જીતેન્દ્ર ખોના, નિખિલ પટેલ, રાજા છેડા, રાજેશ પટેલ, સામરાવ ગઢવી, કસ્તુરીબાઈ લોડાયા, વિમલાબેન મૈશેરી, જોત્સનાબેન દંડ, ભરતીબાઇ નાગડા, ઇલાબેન ખોના, જયાબેન મુનવર, ગીતા લોડાયા, નીતા નાગડા, જયાબેન સોની, હેતલ પટેલ, પ્રિયા પટેલ નયના મોત્તા, નયના ખોના, નીતા ગાલા, ગુણવંતીબેન મોતા, કાન્તાબેન લોડાયા, ભારતીબેન છેડા, રેખાબેન લોડાયા, હિના મૈશેરી, આપણા શાંતિજીન ગ્રુપની બહેનો એ સારી સેવા આપીને સફળ બનાવેલ.

શ્રી દાતા પરિવારની ખુબ અનુમોદના શ્રી ભદ્રેશ્વર મહાતીર્થના સર્વે ટ્રસ્ટીગણ, તેમજ સર્વે સ્ટાફની ખુબ ખુબ અનુમોદના.

પંકજ ડાઘા, પ્રબોધ મુનવર, તેમજ પ્રકાશભાઈ લોડાયા, પ્રદીપ ખોનાની ખુબ ખુબ અનુમોદના. શ્રી શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપ આયોજિત આ તપ ઉત્સવ અઠ્ઠમ તપમાં ભાગ લેનાર શ્રી દાતા પરિવાર તપસ્વી ભાઈ બહેનો, સર્વેની ખુબ ખુબ અનુમોદના.

જે મુંબઈથી આરાધકો આવેલ તેમને ટ્રેનની ટિકીટ રીટન આપવામાં આવેલ. કચ્છથી આવેલ તેમને ટીકીટ ભાડું આપવામાં આવેલ. શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઈ તરફથી વિપુલ ઠાકરશી પટેલ (પ્રમુખ), વિરેન્દ્ર ભાવનજી લોડાયા (ઉપપ્રમુખ).


જય જય શ્રી શાંતિનાથ, જય શ્રી શામળિયા પાર્શ્વનાથ, જય શ્રી મહાવીર સ્વામી.

# ભદ્રેશ્વર તીર્થે અઠ્ઠમ તપ ઉજવાયો


















# ભદ્રેશ્વર તીર્થે અઠમ તપ ઉજવાયો



















# ભદ્રેશ્વર તીર્થે અઠ્ઠમ તપ ઉજવાયો




















# શ્રી સાંધવ મહાજન આયોજિત મહારાષ્ટ્ર કર્ણાટક અને ગોવાનો યાદગાર યાત્રા-પ્રવાસ
















સાંધવ ચાર્તુમાસ-૨૦૨૫ માં ચાર-ચાર મહિના આરાધના કરેલ આરાધક ૩૦ ભાઈઓ અને બહેનોને યાત્રા-પ્રવાસ ચાતુમાસ દાતાશ્રી પરિવાર તરફથી કરાવવામાં આવેલ અને ૧૫ જણાં પોતાના સ્વખર્ચે યાત્રા કરેલ. ટોટલ ૪૫ જણાં એ યાત્રાનો લાભ લીધેલ.

મુલુંડથી લક્ઝરી બસ (ન્યૂ બસ) સંદીપ લોડાયાના દુકાને થી રાત્રે ૯. ૦૦ કલાકે **તા.૧૩ જાન્યુઆરી**ના પ્રસ્થાન કરેલ.

સાંધવ મહાજન કર્ણાટક પ્રવાસ ૯:૦૦ કલાકે પ્રસ્થાન સુકનનો શ્રીફળ વધારીને પ્રવાસની શુભ શરૂઆત કરેલ. દૂધ તથા ઢોકળા શ્રી સંદીપ લોડાયા તરફથી યાત્રિકોઓને આપવામાં આવેલ.

સંદીપ લોડાયા, વિપુલ પટેલ, વીરેન્દ્ર લોડાયા, નિખિલ લોડાયા, હિતેશ પટેલ, હેતલ પટેલ, પ્રતીક નાગડા, ચેતન પીર, મોક્ષિલ પટેલ, ટોમેશ નાગડા, રાજેશ દંડ સાંધવ સંઘને પ્રસ્થાન કરાવેલ. બસ પ્રવાસ માં ભક્તિ ભાવના તથા જાપની રમઝટ જામેલ.









**૧૪ જાન્યુઆરી** પહેલો દિવસ કુંભોજગીરી ૭:૧૫ કલાકે આગમન. નવકારશી કરી જહાજ મંદિરમાં આદિનાથ દાદા તથા પહાડ પર બિરાજમાન જગવલ્લભ પાર્શ્વનાથ દાદાની જાત્રા કરી દેવ દર્શન, સેવા પૂજા બપોરે સાર્ધમિક ભક્તિનો લાભ શા.કેશવજી ભીયંશી ધરમશી સુથરી /મુલુંડ હસ્તે અ. સૌ.કલ્પના તેજકુમાર ધરમશી લીધેલ.

બસમાં તપસ્યા-૫ ઉપવાસ. શિરોળી તરફ પ્રયાણ. દેવદર્શન કરી સાંગલી તરફ પ્રયાણ.

સાંગલી દેવ દર્શન કરેલ. ચોવીયારનો લાભ શા. નવીનભાઈ નરશી છેડા/સુથરી પરિવારે અને સંઘ પૂજન ૧૦ રૂપિયાનો લાભ લીધેલ. નવીનભાઈનો પરિવારને સાંગલીનો સંઘ હાજર હતા. અમૃતધારા રોલ ઓનની સીસી પારશભાઈ નવીનચંદ કુરવા સાંગલી પ્રભાવના કરેલ. યાત્રિકો પોતાના સગા-સંબંધીઓના ઘરે જઈ આવ્યા. યાત્રિકોએ સાંગલીની પ્રખ્યાત હલ્દીની પણ ખરીદી કરેલ. હેતલબેન છેડા, પારસ કુરૂવા અને સંઘના આગેવાનો હાજર રહ્યા હતાં.

# શ્રી સાંધવ મહાજન આયોજિત મહારાષ્ટ્ર કર્ણાટક અને ગોવાનો યાદગાર યાત્રા-પ્રવાસ





મીરજમાં સુમતિનાથ દાદાના દર્શન કરી આરતીનો લાભ લીધેલ. મીરજના દિલીપભાઈ નાગડા સંઘના દર્શન કરવાનું પધારેલ. મીરજથી બીજાપુર તરફ પ્રયાણ ત્યાં રાત્રી રોકાણ.

બીજાપુર રાતના ૧૧:૩૦ કલાકે પહોંચી રાત રોકાણ. બીજાપુર સંઘ ખેડેપગે રાતથી બીજા દિવસે સુધી સેવા આપેલ.









**૧૫ જાન્યુઆરી** બીજો દિવસ બીજાપુર સવારના શંખેશ્વર પાર્શ્વનાથ દાદાની સેવા પૂજા રંગે ચંગે સામુહિક અષ્ટ પ્રકારી પૂજા, ચૈત્યવંદન કરી.

બીજપુરમાં જોવા લાયક સ્થળની મુલાકાત લીધેલ ત્યાંની ટિકિટનો લાભ બીજાપુર એક પરિવારે લીધેલ. તેમનો એક ગોલગુમટમાં (સાત અજુબામાં એક) મુલાકાત લીધેલ.

નવકારશી, બપોરના મનગમતા ભોજનિયાની સાધર્મિક ભક્તિ શા.ડોસાભાઈ વિશનજીભાઈ ધરમશી કોઠારા પરિવારે લાભ લીધેલ. શેંગની ચટણી ૫૦૦ ગ્રામ, શેંગની પૂરણપુણી નંગ ૫ એક સદગ્રહસ્થ પરિવાર એ પ્રભાવના કરેલ. ૨૦ રૂા. કચ્છ જૈન સેવા સમાજ તરફ થી પ્રભાવના કરેલ. ૫૦ રૂા. કમલાબેન કાંતિલાલ ધરમશી કોઠારા પ્રભાવના કરેલ. કમળાબેન સાંધવ નગરની નિયાણીબેન છે. એમનો પરિવારએ નવકારશી તથા સાર્ધમિક ભક્તિનો લાભ લીધો.

બીજાપુર સંઘના ધીરીશ ધરમશી ગીરીશભાઈ ધરમશી, અલ્પાબેન હિરેનભાઈ, નીલમબેન, નમ્રતા બેન, પરેશભાઈ ગાલા, અજય ધરમશી, ભાવિનભાઈ જીવાની, સર્વે સાથે રહી સેવા આપેલ. સંઘના પ્રેસિડેન્ટ પ્રફુલભાઇ ગોગારી તથા ટ્રસ્ટીગણ, કમિટીના પધાધિકારી સર્વે હાજર હતા બીજાપુર સંઘની ભૂરી ભૂરી અનુમોદના. જામખંડી તરફ પ્રવાસ.

જામખંડીમાં ધર્મનાથ દાદાના દેવ દર્શન કરેલ ૨૦ રૂ સંઘ પૂજન અને ચા, પાણી ત્યાંના મારવાડી સમાજ એ કરેલ. તપા ગચ્છના પરમ પૂજ્ય મારાસાહેબ કચ્છ ગામના રાયણ અને ચિયાસારને વંદન કરેલ. લોકાપુર તરફ પ્રયાણ.

# શ્રી સાંધવ મહાજન આયોજિત મહારાષ્ટ્ર કર્ણાટક અને ગોવાનો યાદગાર યાત્રા-પ્રવાસ
















ત્રીજો દિવસ લોકાપુરના ભાવતા ભોજાનિયા (authentic food) નો ચોવીયારનો લાભ જેઠીબાઈ કેશવજી ધરમશી અને મણીલાલ માલશી લોડાયા સાંધવ લીધેલ.

સંઘનું વેલકમ ગુલાબના ફૂલથી કરેલ. વાર્ષિતપના તપસ્વીનો બહુમાન સાફા, શાલ, માળા, શ્રીફળને કવર અને સર્વે ને મોમેન્ટો એને બેગની પ્રભાવના કરેલ મણીલાલ માલશી લોડાયા.

સંઘ પૂજન ૨૦ રૂા. ઉષાબેન નાગરાજ લોડાયા, ૧૦ રૂા. નીતાબેન લક્ષ્મીચંદ ધરમશી, લોકાપુર. દેવ દર્શન અને આરતી, મંગલદિવો કરેલ.

૧૦૦ રૂા. નુ સંઘ પૂજન, વર્ષીતપના તપસ્વીનો બહુમાન લોકાપુર મારવાડી સમાજ એ કરેલ.

નીતાબેન ધરમશી, ઉષા લોડાયા, ગિરીશ લોડાયા, સોનલ લોડાયા, જીગર લોડાયા, ખુશી લોડાયા, ઉમેશ ધરમશી, સવીતા ધરમશી, દિપક લોડાયા, રિદ્ધિ લોડાયા, મનીષ લોડાયા, લાવણ્યા ધરમશી બગાલકોટથી ગુલાબ સોની, કુમાર ધરમશી પધારેલ.લોકાપુર મારવાડી સમાજ સેવામાં હાજર હતા.

ઘણાં વર્ષોની બેનશ્રી જેઠીબાઈને મણીલાલ ભાઈની ઈચ્છા હતી કે મારો સાંધવ સંઘના પગલાં લોકાપુર ક્યારે થશે. તે ઈચ્છા આજે પુરી થઇ.

બાગલકોટ તરફ પ્રયાણ.

# શ્રી સાંધવ મહાજન આયોજિત મહારાષ્ટ્ર કર્ણાટક અને ગોવાનો યાદગાર યાત્રા-પ્રવાસ





ત્રીજો દિવસ બાગલકોટ દેવ દર્શન અને આરતી, મંગલદિવો કરેલ. ૫૦૩ નુ સંઘ પૂજન અને પ્રભાવના બાગલકોટ મહાજન કરેલ.

વર્ષા ગુલાબ સોની ચોકલેટ ફરસાણના પોચ પ્રભાવના કરેલ. ગુલાબ સોની, વર્ષા સોની, ધર્મેન્દ્ર સોની, ઉર્મિલાબેન ધરમશી, કુમાર ધરમશી, પુષ્પા ધરમશી, ભદ્રાબેન ધરમશી, ભક્તિ ધરમશી, ઉષાબેન મોતા, રવી મોતા મારવાડી સમાજના જયશ્રીબેન ઓસવાલ સેવા કરેલ. ગદગ તરફ પ્રયાણ. રાત્રી રોકાણ ગદગ.

**૧૬ જાન્યુઆરી** ચોથો દિવસ સવારના ચિંતામણી પાર્શ્વનાથ દાદાના સેવા પૂજા, સમૂહ અષ્ટ પ્રકારી, ચૈત્યવંદન, આરતી, મંગળ દીવો કરેલ.મંદિર જવાને આવવા માટે સ્કૂલ બસ આપેલ.

જીવન સંધ્યામાં નવકારશી લાભ આપેલ, વડીલો સાથે મુલાકાત કરેલ. ગદગ મહાજનના શ્રેષ્ઠીઓ તથા સંઘ સર્વે હાજર રહ્યા હતા.









સંઘ પૂજન ૧૦ રૂ તારાબેન કાંતિલાલ નાગડા નલિયા, ૧૦ રૂ. પ્રભાબેન કાંતિલાલ મોતા નલિયા, શ્રી કેડીઓ જૈન ઈંગ્લિશ મિડિયમ સ્કૂલના ચેરમેન ડૉ. પ્રદીપ ખોનાની મુલાકાત કરેલ. ફૂલ્લી ડિજિટલી ફર્સ્ટ કે.ડી.ઓ.ની સ્કૂલ છે.

કાંતિલાલ મોતા, વિપુલ મોતા, હિતેશ વીરા, રાતનાને સવારના અમારી સાથે રહ્યા હતા. હરીશભાઈ મુનવર, ડૉ. પ્રદીપ ખોના અને સંઘના શ્રેષ્ઠીઓ સર્વે હાજર રહ્યા હતા.

હુબલી તરફ પ્રયાણ....

હુબલી મહાજન સંઘનો સ્વાગત કરેલ. હુબલીમાં પરમ પૂજ્ય સાધ્વી સંયમગુણા મારાસાહેબ આદિ ઠાણાને વંદન કરી

# શ્રી સાંધવ મહાજન આયોજિત મહારાષ્ટ્ર કર્ણાટક અને ગોવાનો યાદગાર યાત્રા-પ્રવાસ








વ્યાખ્યાન શ્રવણ કરેલ.

૨૦ રૂ. ને અગરબત્તીની પ્રભાવના હુબલી સંઘ તરફથી અજિતનાથ દાદા અને શાંતિનાથ દાદાના દેવ દર્શન કરેલ. સ્કૂલ બસની વ્યવસ્થા રાખેલ. બપોરે ભાવતા ભોજનિયા સાધર્મિક ભક્તિ પ્રેમથી પિરસાવેલ. હુબલી સંઘે સાર્ધમિક ભક્તિનો લાભ લીધેલ.

શરદભાઈ મોમાયા અને અનીસ મોમાયા, મોહિતભાઈ દંડ, ચંદ્રકાન્ત ભાઈ લોડાયા શાંતિલાલ લાલકા, અનુપભાઈ ખોના, પ્રજેશભાઈ નાગડા, ચેતનભાઈ મૈશેરી અને હુબલી સંઘના સર્વે શ્રેષ્ઠીઓ હાજર રહ્યા હતા. પોતાની ગાડીઓ લઈ સર્વે યાત્રિકને બસ જ્યાં ઉભી હતી ત્યા પહોંચાડેલ. સર્વેનું ખૂબ ખૂબ અનુમોદના.

શિરશી તરફ પ્રયાણ.


શિરશીમાં અજીતનાથ દાદાના દેવ દર્શન અને આરતી, મંગળ દીવો કરેલ. ચોવીયારનો લાભ આપેલ.

સંઘનો બહુમાન અને ગોળની પ્રભાવના કરેલ. ચોવિહાર પોતાના બંગલામાં કરાવેલ. ગીતાબેન જીતેન્દ્ર ખોનાનો પરિવાર એ સારી એવી સેવા કરેલ અને શિરશી સંઘના સર્વે ભાઈઓ હાજર રહ્યાં હતા.

કુમઠા તરફ પ્રયાણ. કુમઠામાં પ્રભુજીની આરતી મંગલ દિવોનો સર્વે જણ લાભ લીધેલ.

**૧૭ જાન્યુઆરી** પાંચમો દિવસ અભય પટેલ, નયન પટેલ સંઘનો સ્વાગત કરેલ. ગોવા-મડગાવમાં સુમતિનાથ દાદાની પૂજા, દેવ દર્શન કરેલ.




નવકારશી અને બપોરની સાધર્મિક ભક્તિનો લાભ આપેલ.

કોલવા બીચની મુલાકાત લીધેલ. બીચ પર નારિયેળ પાણીનો લાભ ગિરીશ મણીલાલ લોડાયા લોકાપુર એ લાભ લીધેલ.

ગોવામાં કોલવા બીચ પર મોઝ, મસ્તી, એન્જોય ગરબાની રમઝટ જમાવેલ.

અભય ભાઈ પટેલ, જ્યોતિબેન પટેલ, નયન પટેલ, અલ્પાબેન પટેલ, પરેશભાઈ દંડ, વિનુભાઈ સાવલા પ્રજ્ઞાબેન સાવલા પરિવાર એ સારી એવી સેવા કરેલ.

અભય પટેલ, નયન પટેલ, પરેશભાઈ દંડ અમારી સાથે રહી ગોવામાં ફરાવેલ અને પંચમમાં ચોવિહાર કરાવેલ અને ધર્મનાથ દાદાના દર્શન કરી અને મુલુંડ તરફ પ્રયાણ.

# શ્રી સાંધવ મહાજન આયોજિત મહારાષ્ટ્ર કર્ણાટક અને ગોવાનો યાદગાર યાત્રા-પ્રવાસ











આપણા જ્ઞાતિનાં ભાઈ-બહેનો અને સાંગલી, ગદગ, હુબલી, શિરશી અને બીજાપુરમાં વિશા ઓસવાલ, બાગલકોટમાં લોકાપુરમાં મારવાડી સમાજે સર્વે જે આગતા-સ્વાગત કરેલ.

દરેક પોતપોતાના ગામોમાં નવકારશી હોય, બપોરના અને સાંજના ચોવિહાર હોય ત્યારે મનગમતા ભાવતા ભોજનિયા માટે પોતપોતાના ગામોમાં કેટલીક પ્રખ્યાત વાનગીઓ બનાવીને ત્રણે ટાઈમ શ્રી સંઘને પીરસવા આવેલ. તે ખરેખર અનુમોદનીય છે.

જે વ્યવસ્થા કરેલ દરેક ગામોમાં રાત્રે ૧૨.૦૦ કલાકે થી જે પણ ગામમાં હોઈ તે ગામોમાં પોતે હાજર રહીને વ્યવસ્થા કરેલ.

જયાં પાંચ કી.મી.ના અંતરે પોતાની ગાડી લઈને આવી જાય અને બસ લઈ આવવાનું, સાથે આખો દિવસ રહેવાનું.

સાંગલી, બીજાપુર, ગદગ, હુબલી, લોકાપુર, ગોવા, શિરશી, અને ભાગલકોટના સર્વે મહાજનોનો ખુબ ખુબ આભાર.

બધા જણાં એ ગામોની પહેલીવાર યાત્રા કરેલ.

યાત્રા-પ્રવાસ સંઘ નક્કી કરેલ તે બધી રીતે યાત્રાનો રૂટ નક્કી કરેલ એવા આપણા ભાણેજ.

તેજકુમાર ધરમશી સુથરી/મુંલુંડ અને સાંધવના ગિરીશ મણિલાલ લોડાયાનો ખુબ ખુબ અનુમોદના.

બસમાં ૬ દિવસના યાત્રા-પ્રવાસ દરમ્યાન જે જહેમત ઉઠાવેલ. જીત ખોના લોનાવલા સર્વેની પણ ખુબ ખુબ અનુમોદના સહ આભાર માનીયે છીએ.

મુંબઈમાં બસની વ્યવસ્થા કરનાર લોકેશભાઈ દંડ તેરા/મુલુંડની પણ ખુબ ખુબ અનુમોદના.

મુંબઈમાં વ્યવસ્થા માટે હિતેશ પટેલ અને રાજેશ દંડની પણ ખુબ ખુબ અનુમોદના.

દાતાશ્રી પરિવાર એ ૩૦ જણાને યાત્રા કરાવેલ તેઓશ્રીની ભૂરી ભૂરી અનુમોદના.

**શેઠ શ્રી ચાંપશી માણેકજી લોડાયા ઘાટકોપર, શેઠ શ્રી શામજી નરશી દંડ મુલુંડ, શ્રેષ્ઠીવર્ય શ્રી ઠાકરશી લાલજી પટેલ મુલુંડ, શ્રેષ્ઠિવર્ય શ્રી માણેકજી મેઘજી લોડાયા પરિવાર મુલુંડ.**

બસમાં રોજ એક દિવસ, બે ઉપવાસ બીજા દિવસે ચાર ઉપવાસ.અત્તરપારણાંની કુંભજગીરી, બીજાપુર, ગદગ અને ગોવામાં જે વ્યવસ્થા કરેલ તે પણ અનુમોદનીય છે.

સર્વેની ખુબ ખુબ અનુમોદના. શ્રી શાંતિનાથ દાદા અને શ્રી વાછરા દાદાના મહેરથી યાત્રા-પ્રવાસ સુખરૂપે પુર્ણ થયેલ.

ભવ્ય અને જીલ રાજેશ દંડ તરફથી લેમન ભેળ, મરીવાલા વેફર સીંગ ભુજીયા, ભાવનગરી સેવ ડાયટ ચિવડાના પોચની પ્રભાવના કરવામાં આવેલ.

સવંત ૨૦૮૧ ના ચાતુર્માસના દાતા પરિવાર તરફથી ચોકલેટ, પીપરમેન્ટ, મારી બિસ્કિટ, મગદાળ, ચીક્કી તલના લાડુ, ગ્લુકોસ બિસ્કિટ, કાલાગોલા પીપરમેન્ટની પ્રભાવના કરવામાં આવેલ. તથા ચોકલેટ શરદ વિક્રમશી દંડ તરફથી પ્રભાવના કરવામાં આવેલ અને ચિકુની પ્રભાવના મણીલાલ માલશી લોડાયા લોકાપુર તરફથી.

ચોકલેટની પ્રભાવના જીત નિલેશ ખોના મોટી ખાવડી તરફથી કરવામા આવેલ.

**૧૩ જાન્યુઆરી થી ૧૮ જાન્યુઆરી** સ્ટીચ એલ પ્રવાસ પ્રારંભ થઈ. કુંબોજ, સાંગલી, મીરજ, બીજાપુર, જામખંડી, લોકાપુર, બગાલકોટ, ગદગ, હુબલી, શિરસી, કુમઢા, ગોવા, આવા સ્થળની યાત્રા કરી મુલુંડ સવારના ૯:૦૦ કલાકે હેમખેમ બધા પ્રવાસીઓ પોતપોતાના ઘરે પોચી ગયા છે. જય શ્રી શાંતિનાથ, જય શ્રી વાછરાદાદા.

# બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ દ્વારા અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ને ગુજરાતી ગૌરવ એવોર્ડ અપાયો




બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ દ્વારા દર વર્ષે વિશ્વભરમાં વિવિધ ક્ષેત્રે વિશેષ યોગદાન પ્રદાન કરનાર વિશિષ્ટ વ્યક્તિઓ, સંતો, મહાનુભાવો અને અગ્રણીઓને વિવિધ કેટેગરી અંતર્ગત એવોર્ડ જાહેર કરી સન્માન અભિવાદન કરાય છે.

બૃહદ મુંબઈ ગુજરાતી સમાજના ૪૧મા વર્ષના વર્ષ ૨૦૨૬ માટે આપણા સૌના પ્યારા ગુરૂદેવ અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ને ગિરનાર એવોર્ડ ૨૦૨૬ સામાજિક અને ધાર્મિક કાર્યક્ષેત્રે સિધ્ધિ પ્રાપ્ત પ્રદાન માટે ગુજરાતી ગૌરવ પુરસ્કાર એવોર્ડ જાહેર કરાયેલ. એવોર્ડ એનાયત સમારોહમાં અચલગચ્છાધિપતિ વતી આ એવોર્ડ અખિલ ભારત અચલગચ્છ સંઘના પ્રમુખ નયન અશોકભાઈ ભેદા અને પદાધિકારીઓએ સ્વીકાર્યો હતો.

પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમુદાયના અત્યંત પ્રાચીન એવા અચલગચ્છ વિધિ પક્ષના વર્તમાન શ્વેતાંબર ગચ્છાધિપતિ તરીકે છે. સાહેબજીનો જન્મ, તા.૨ ડિસેમ્બર ૧૯૫૩માં કચ્છ માંડવી તાલુકાના દુર્ગાપુર નવાવાસી ગામે થયો. નાનપણથી ધર્મ સંસ્કારથી રંગાયેલ અને સાધુ ભગવંતોના સમાગમના કારણે ૧૪ વર્ષની ઉંમરે કિશોર નામધારી બાળકેને સમયના આચાર્ય ગુણસાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબ પાસેથી દીક્ષા ગ્રહણ કરી. તા.૨૨ એપ્રિલ ૨૦૨૧ના ભવ્ય પદ પ્રદાન મહોત્સવમાં તેઓને અચલગચ્છના સર્વોચ્ચ પદે બિરાજમાન કરાયા. પૂજ્ય સાહેબ અગાઉના ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના સુયોગ્ય અનુગામી છે. વર્તમાન સમયમાં ૩૫ વર્ષની નાની ઉંમરે આચાર્યપદ પામનાર તેઓ એક માત્ર સાધુ ભગવંત છે.

જીવદયા ખાસ કરીને ગૌ રક્ષા માટે મુંબઈના દેવનાર કતલખાના વિરોધમાં ૧૯૯૦ અને ૧૯૯૨ માં તેમની આગેવાનીમાં વિરાટ વિરોધ મોરચા નીકળેલ જેના કારણે સરકારે નમતું જોખવું પડ્યું હતું. તેઓ શ્રી જૈન શાસનની પ્રાચીન પરંપરાઓ અને વિધિ વિધઆનના પાલન માટે જાણીતા છે. અચલગચ્છ સંપ્રદાયના અધિપતિ તરીકે તેઓ મુનિ ભગવંતો અને શ્રાવકોનું કુશળ માર્ગદર્શન કરી રહ્યાં છે. તેઓ માત્ર ગુજરાત નહીં પણ મુંબઈ અને રાજસ્થાન જેવા પ્રદેશમાં વ્યાપક શિષ્યગણ ધરાવે છે. ખાસ કરીને કચ્છ તથા મુંબઈના જૈન સંઘોમાં તેમનું વિશેષ માન અને પ્રભાવ છે. તેમના વડ પણ હેઠળ અચલગચ્છ સંપ્રદાય જૈન ધર્મની પ્રભાવના અને સંસ્કૃતિ જતન માટે મોટું યોગદાન આપે છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી કે.ડી.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા માથેરાનની સહેલ યોજાઈ



શ્રી કે.ડી.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા યાદોનું એક સોનેરી પૃષ્ઠ ઉમેરાયું. માથેરાન સહેલગાહ-૨૦૨૬ જેમાં ૧૪૦ યાત્રિકો સાથેની માથેરાન સહેલગાહ યોજાઈ.

સફર તો ઘણી થાય છે, પણ જે સફર સંબંધોમાં નવો પ્રાણ પૂરે અને હૃદયમાં કાયમી સ્થાન બનાવી લે, એ જ સાચી ''સહેલગાહ''.

શનિવાર, તા. ૦૩ અને રવિવાર, તા.૦૪ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ શ્રી કે.ડી.ઓ.મંડળ, ડોમ્બિવલી દ્વારા યોજાયેલ માથેરાન પ્રવાસ માત્ર ફરવા માટેનો કાર્યક્રમ નહોતો, પણ એ ''વિશાળ પરિવારનું એક લાગણીસભર મિલન'' હતું.

જ્યાં સમય થંભી ગયો અને સંબંધો ખીલી ઉઠ્યા. આયોજનની શરૂઆત જ્યારે થઈ ત્યારે વિચાર માત્ર એક દિવસની પિકનિકનો હતો, પરંતુ પ્રમુખશ્રી અને કમિટીની લાગણી હતી કે ''મારે મારા પરિવારને દોડધામ નહીં, પણ નિરાંતની પળો આપવી છે.'' અને એ વિચારમાંથી આકાર પામ્યું સમયસર અને સચોટ આ બે દિવસનું યાદગાર આયોજન.

સેવા નહીં, પણ સમર્પણ:

નેરળ સ્ટેશને ઉતરતાની સાથે જ લાગ્યું કે કોઈ ટૂરમાં નહીં, પણ સ્વજનોની વચ્ચે છીએ.

મહેન્દ્રભાઈ મોતા, ચેતનભાઈ નાગડા, અમિતભાઈ ખોના, ધવલભાઈ પોલડીયા, નમનભાઈ મોતા અને ટીમે સ્ટેશનથી હોટલ સુધીની જવાબદારી એવી રીતે ઉપાડી લીધી કે જાણે તેઓ કાર્યકર્તા નહીં પણ ઘરના મોભી હોય ! કોઈને સામાનની ચિંતા નહોતી તો કોઈને રસ્તાની, કારણ કે ત્યાં આપણા માણસો ખડેપગે હતા.

ઘરથી દૂર પણ ઘર જેવું જ :

હોટલ અશોકમાં પગ મૂકતાની સાથે જ અર્ચનાબેન ખોના, જીજ્ઞાબેન છેડા અને કરિશ્માબેન નાગડાના સ્મિતે થાક ઉતારી દીધો.

ખાસ તો અર્ચનાબેન ખોનાનું રૂમ એલોટમેન્ટ ! એમણે માત્ર રૂમ ન આપ્યા, પણ જે રીતે ફેમિલી-વાઈઝ વ્યવસ્થા કરી, તેનાથી દરેકને એક અનોખી હૂંફ મળી. હોટલના ઓનર જીનલબેન શેઠ અને તેમનો પરિવાર પણ મહેમાન નહીં, પણ યજમાન બનીને આપણી સાથે રહ્યો.

એ સાંજ જે ક્યારેય ભુલાશે નહીં (દિવસ ૧) :

સાંજ પડતાની સાથે માથેરાનની ગુલાબી ઠંડીમાં આપણા સંબંધોની ગરમાહટ ભળી ગઈ. ફાયર શૉની રોશનીએ આંખો અંજાઈ ગઈ.

અને પછી શરૂ થઈ ડીજે નાઈટની રમઝટ ! એ દ્રશ્ય અદભુત હતું. જ્યારે ઉંમરનો ભેદ ભૂલીને દાદા-દાદી અને પૌત્ર-પૌત્રી એક જ તાલે ઝૂમી રહ્યા હતા. યુવાનોની એનર્જી અને વડીલોનો ઉત્સાહ જોઈને લાગ્યું કે ''ખરો આનંદ તો આપણા લોકોની વચ્ચે જ છે.''

રાત્રે સૂરોની મહેફિલ જામી, અને મોડી રાત્રે Bonfire (તાપણા) ની આસપાસ બેસીને થયેલી વાતોએ જૂની યાદો તાજી કરી દીધી. કેટલાકે  નાઈટ ટ્રેકના સાહસમાં ભાગ લીધો તો કેટલાકે ખુલ્લા આકાશ નીચે પિક્ચર જોયું.

# પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા. સંયમ જીવનના બે દાયકા પૂર્ણ કર્યા



કચ્છ બાંઢીયાના માવિત્ર માતુશ્રી સદગુણાબેન મુલચંદભાઈ લોડાયાની ધર્મ સંસ્કારી ભક્તિ આરાધનાના સંસ્કારે રંગાયેલી સુપુત્રી વિક્રમ સંવત ૨૦૬૨ની મહાસુદ ૫ તિથિ દિને પાલીતાણા તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી અને ગુરૂમાતા પ.પૂ.સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા. સ્વીકારી સંયમજીવન પથ પર વિચરણ શરૂ કર્યું.

તપ, ત્યાગ, ધર્મ, ભક્તિ, આરાધના અવિરત રીતે કરતાં કરાવતા આજે વિક્રમ સંવત ૨૦૮૨ના મહાસુદ ૫ તિથિ દિને સાહેબજી સંયમ જીવનના બે દાયકા એટલે કે વીસ વર્ષ પુરા કરી ૨૧ મા વર્ષમાં મંગલમય પ્રવેશ કર્યો છે. આ સપરમા દિવસે પુરૂ ભક્તોની શુભકામના છે કે પૂજ્ય સાહેબજી આવી જ રીતે અવિરત આગળ વધતા રહી સંયમ જીવનના રજત, સુવર્ણ, હીરક અને અમૃત વર્ષ પૂર્ણ કરી સર્વોચ્ચ શિખર શતક વર્ષ પુરા કરવાની સિધ્ધિ સફળ રીતે પૂર્ણ કરે. સાહેબજીને શત શત વંદના.

# ઐતિહાસિક તેરા તીર્થે ધ્વજા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન





અબડાસા પ્રદેશના ઐતિહાસિક તેરા તીર્થની ધન્ય ધરા ઉપર શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથની ૧૬૮મી ધ્વજા અને શામળિયાજી પાર્શ્વનાથની ૨૦૫મી ધ્વજા પ.પૂ.સાધ્વી શ્રી તારકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ની નિશ્રામાં અને તપગચ્છના સાધ્વીજી ભગવંત આદિઠાણા ૧૮ની પાવનકારી નિશ્રામાં સંગીતકાર સુરેશભાઈ સોનીના સથવારે ઉજવાયેલ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉમંગભેર સહભાગ લઈ ધન્ય ધર્મ લાભ લીધો હતો.







## ૮ વર્ષની ચિ.ધાન્યા સંજય જીવાણી દ્વારા હૈદરાબાદ ખાતે ભારત આર્ટસ એકેડમી દ્વારા ભરતનાટ્યમ્ નૃત્ય

ચિ.ધાન્યા સંજય જીવાણી (૮ વર્ષ) એ તા.૨૭ ડિસેમ્બર હૈદ્રાબાદમાં ભારત આર્ટસ એકેડમી દ્વારા આયોજીત ગિનીજ વર્લ્ડ રિકોર્ડમાં એક સાથે ૭૨૦૦ નૃત્યાંગનાઓ એ ભરતનાટ્યમ્ નૃત્ય કરેલ છે. આ ઉપલબ્ધી બદલ મહાજન એમની ખૂબ-ખૂબ અનુમોદના અને ઉજ્જ્વલ ભવિષ્યની મંગલ કામના કરે છે.




# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જાન્યુઆરી થી માર્ચ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૨૦/૨૧/૨૨ જાન્યુઆરી ૨૦૨૬ | તેરા તીર્થે શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલયના ૧૬૮ તથા શ્રી શામળીયા પાર્શ્વનાથ જિનાલયના ૨૦૫ મા ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ. |
| તા. ૨૫ જાન્યુઆરી ૨૦૨૬ | ગોરંગ બાલુડો પોલડીયા પરીવાર આયોજિત ગોએરસમા રંગપુર બારોઈ બાયઠ લુણી તથા ડુમરા (ગોરંગ બાલુડો) ના પોલડીયા પરીવારના કુળદેવી શ્રી આશાપુરા માતાજીને નમતા ભાવિકોની પંદરમી પહેડી સવારે ૮.૦૦ ક. થી નારાણજી શામજી મહાજન વાડી, માટુંગા. |
| તા. ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૬ | વરાડીયા મા બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજીને નમતા ભાવિકોની પહેડી સવારે ૯.૦૦ ક. થી જીવરાજ ભાણજી હોલ, મુલુંડ વેસ્ટ. |
| તા. ૧૨/૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ | મંજલ રેલડીયા નગરે નવ નિર્મિત જિનાલયમાં મૂળનાયક તથા અન્ય પ્રતિમાઓનો ચલ પ્રતિષ્ઠા મહોત્સવ |
| તા. ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ | મુંબઈ મહાજન તથા ડોમ્બિવલી મંડળ આયોજિત અનંત ખેલોત્સવ સ્પોર્ટ્સ એકેડમી, મિલાપ નગર, ડોમ્બિવલી. |
| તા. ૨૧ ફેબ્રુઆરી થી ૦૧ માર્ચ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ પ્રેરીત બિદડામાં નેચર ક્યોર કેમ્પ |
| તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બિવલી ફાગણી તેરસ નિમિત્તે છ ગાઉ યાત્રા માનસ મંદિર, શાહપુર સવારના ૬.૦૩ કલાકે થી. |
| તા. ૦૮ માર્ચ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. ડોમ્બિવલી મંડળ તથા મહિલા મંગલ મંચના ઉપક્રમે સાંસ્કૃતિક કાર્યક્રમ બપોરના ૧૫.૦૩ કલાકે થી. |
| તા. ૧૨ થી ૧૬ માર્ચ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. ડોંબિવલી મંડળમાંથી સહાય લેતા સાધર્મિકો માટે/સાથે સંપૂર્ણ નિઃશુલ્ક પાવાગઢ -પાલીતાણા- ગિરનાર યાત્રા પ્રવાસ |

# ભાવભીની શ્રદ્ધાંજલિ




**રમેશચંદ્ર લોડાયા**
તા.૧૮ જાન્યુઆરી (ઉ.૭૮)
જખૌ-હુબલી



**જયાબાઈ મૈશેરી**
તા.૨૧ જાન્યુઆરી (ઉ.૮૪)
જખૌ-ગાંધીધામ




**નવલબેન નાગડા**
તા.૨૧ જાન્યુઆરી (ઉ.૮૨)
નલિયા-માટુંગા



**રમેશભાઈ વોરા**
તા.૨૧ જાન્યુઆરી (ઉ.૭૫)
ગોએરસમા-અંકલેશ્વર



**ખેતશીભાઈ શિયાળ**
તા.૨૩ જાન્યુઆરી (ઉ.૮૩)
જખૌ-અમદાવાદ



**ખુશાલભાઈ નાગડા**
તા.૨૪ જાન્યુઆરી (ઉ.૭૫)
સુથરી-ભુજોડી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT


**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂણી'

● ગાંધીધામ-આદિપુર જોડિયા શહેરો અને સંકુલમાં રખડતા ઢોરની ગંભીર સમસ્યા છે. આખલાઓની રસ્તા વચ્ચે થતી લડાઈને કારણે અનેક લોકોએ જિંદગી ગુમાવી છે. અસંખ્ય લોકો ઈજાગ્રસ્ત થયાં છે. મહાપાલિકા બન્યા પછી તંત્રની કડક કાર્યવાહી પછી રોડ પરથી ચાર હજારથી વધુ ઘાસના પૂળા જપ્ત કરાયા છે. રાપર, મીઠી રોહર, ચાંદ્રાણી, સાપેડા, તુણા, માથક, સંઘડ, ગળપાદર, ખેડોઈ, રામપર, તુણા, વીડી સહિત ૧૩ થી વધુ ગૌશાળામાં ૪૬૯ રખડતા આખલાને મોકલાયા છે. તો ૩૦૦ થી વધુ આખલા રામલીલા મેદાનમાં વાડાંબંધ કરાયા છે. જોડીયા શહેરમાં અલગ અલગ ૮૦ થી વધુ જગ્યાએ ઘાસચારાનું વેંચાણ થાય છે એ બંધ કરાયું છે.

● ગોવા ખાતે યોજાયેલી આયરન મેન સ્પર્ધામાં ગાંધીધામના ચાર સ્પર્ધક વિકાસ ચૌહાણ, જેમ્સ ઠક્કર, યોગેશ તનવાની અને મહિલા સ્પર્ધક દેવાંશી હરાણીએ મુકરર કરાયેલ સમય અવધિની અંદર પૂર્ણ કરી આયરનમેનનું બિરૂદ મેળવ્યું. આ દ્વિશ લેટસ સ્પર્ધામાં ૩૧ દેશોના ૧૨૦૦ સ્પર્ધકો ભાગ લીધો હતો. સ્પર્ધામાં ૧૦૦૦ મીટર સ્વિમિંગ, ૯૦ કિ.મી. સાઈકલિંગ અને ૨૧ કિ.મી.ની દોડ સાડા આઠ કલાકમાં પૂર્ણ કરવાની હતી. કચ્છ ડિસ્ટ્રીક્ટ બેડમિન્ટન એસોસિએશન અને દેવસ્મૃતિ સ્પોર્ટસ એકેડેમી ગાંધીધામથી આ ચાર રમતવીરોએ ટ્રેનિંગ લીધી હતી.

● મૂળ ગાંધીધામના હાલે અઢી દાયકાથી અમદાવાદ ખાતે આધુનિક સુવિધાઓથી સજ્જ કેન્સર હોસ્પિટલ ચલાવતાં રઘુવંશી સમાજના ડૉ.ધવલ રતિલાલ રાજદેના ૫૦મા જન્મ દિવસની ઉજવણી અનોખી રીતે કરાઈ. તેઓની સારવાર થકી કેન્સર મુક્ત થયેલા ૧૫૦ જેટલા દર્દીઓની ઉપસ્થિતિમાં સેંકડો દર્દીઓને કેન્સરની જટિલ બીમારીમાંથી મુક્તિ અપાવનારા તબીબનો હર્ષના આંસુ સાથે જન્મદિવસ દિવસ ઉજવ્યો. ઉપસ્થિત સ્વસ્થ થયેલ દર્દીઓએ તબીબની આત્મીય સભર સારવારના પ્રસંગોને રજૂ કર્યા હતા. ડૉ. ધવલ રાજદે ગાંધીધામમાં સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યાલયમાં અભ્યાસ કરી જામનગર અને અમદાવાદમાં એમ.સી.એચ.કેન્સરનો અભ્યાસ કર્યો હતો. હાલે અમદાવાદની વિવિધ કેન્સર હોસ્પિટલોમાં સર્જન તરીકે હાલ સેવા આપી રહ્યાં છે.

● કેન્દ્રીય મંત્રી મંડળ દ્વારા કચ્છના દેશલપર, હાજીપુર, લુણા અને વાયોર, લખપત નવી બ્રોડગેજ લાઈન પરિયોજનાને મંજૂરી આપવામાં આવી છે. રૂા.૩૩૭૫ કરોડના ખર્ચે ભુજ નલિયા રેલવે લાઈનનું વાયોર સુધી વિસ્તરણ અને નલિયા જખૌ પોર્ટ સુધી ૧૯૪ કિ.મી. નવી રેલવે લાઈન નાખવામાં આવશે. નવી રેલવે લાઈન થકી સરહદીય અને તટીય વિસ્તારોમાં રેલવે સંપર્ક મજબૂત અને ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન મળે તેવી સંભાવના છે. વાયોર-લખપત વચ્ચે કુલ્લ ૬૨.૬૮ કિ.મી. નવી રેલવે લાઈન ઉપર વાયોર, હરૂડી, બરંધા, બુધા, નારાયણ સરોવર, કપૂરાશી, છેર મોટી અને લખપત આઠ રેલવે સ્ટેશન બનાવાશે. જ્યારે દેશલપર-હાજીપીર નવી રેલવે પરિયોજના હેઠળ દેશલપર, હાજીપીર લુણા વચ્ચે ૮૧.૭૭૧ કિ.મી. રેલવે લાઈનમાં દેશલપર, પાલીવાડ, નખત્રાણા, અરલમોટી, કુલાય, હાજીપીર, લુણા સાત સ્ટેશનો બનશે.

● વિશ્વની દુર્લભ પ્રજાતિઓમાંના એક એવા ગ્રીન સી ટર્ટલ-દરિયાઈ કાચબા માટે કચ્છનો અબડાસા સાગરકાંઠો નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી સ્વર્ગ સમાન બની જાય છે. હજારો કિલોમીટરનો પથ કાપીને સાતથી આઠ ફૂટ લાંબા અને બે ફૂટ પહોળા આ મહાકાય કાચબાઓ પ્રજનન માટે અબડાસા અને માંડવીનો દરિયાકિનારાને પસંદ કરે છે. માદા કાચબા સુરક્ષિત સ્થળ પસંદ કરીને મોટો ખાડો ખોદી તેમાં ૮૦ થી ૧૦૦ ઈંડા મૂકે છે. ત્યારબાદ ઈંડાને માટીથી ઢાંકે દે છે અને પોતે દરિયામાં પરત ફરે છે. ઈંડામાંથી ત્રણથી ચાર મહિનામાં બચ્ચાં બહાર આવે છે અને સુરક્ષિત રીતે દરિયામાં પાણી તરફ દોટ મૂકે છે.

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING
Now Available

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

*7.49% (p.a.)

*8.49% (p.a.)

GOLD LOAN

SOLAR LOAN

TRADE LOAN

LOAN AGAINST PROPERTY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank